રજૂ તારીખ : ૧૬/૦૬/૨૦૦૩
દાખલ તારીખ: ૧૬/૦૬/૨૦૦૩
ફેસલ તારીખ : ૨૬/૦૪/૨૦૨૪
સમયમર્યાદા : વર્ષ માસ દિવસ

અમરેલીજીલ્લાના મહે.નામદાર શ્રીજે.જે.આહુજા જજ સાહેબમજુર અદાલત સમક્ષ, અમરેલી.

**આઈ.એ. નંબર ૧/૨૦૨૦**

**ઈન – રેફરન્સ(ટી)કેસનં.:–૩૭/૨૦૦૩**

**આંક:– ૧૪૧**

અરજદાર/ બીજા પક્ષકાર :–રાજેશકુમાર ચંદુલાલ મહેતા
૮/૦ કનેકશ્વરી પ્રોવીઝન સ્ટોર્સ,
પીપાવાવ મેઈગેટ સામે,રામપરા–૨,
તા. રાજુલા, જિ.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા/પ્રથમ પક્ષકાર :– ગુજરાત પીપાવાવ પોર્ટ લી.
મુ.પીપાવાવ પોર્ટ, મું.પો.ઉછૈયા–
પીપાવાવ,તા.રાજુલા,જિ.અમરેલી.

**અરજદાર/બીજા પક્ષકાર તરફે : વિ.વ.શ્રી એ.એમ.પટેલ**
**સામાવાળા/પ્રથમ પક્ષકાર તરફે : વિ.વ.શ્રી એ.એસ.ગોગીયા**

(૧) હાલના કામે પ્રથમ પક્ષકાર તરીકે ગુજરાત પીપાવાવ પોર્ટ લી. મુ.પીપાવાવ પોર્ટ,પો.ઉછૈયા,તા.રાજુલા,બીજા પક્ષકાર તરીકે શ્રી રાજેશકુમાર ચંદુલાલ મહેતા, ૮/૦ કનેકશ્વરી પ્રોવીઝનર સ્ટોર,પીપાવાવ મેઈનગેઈટ સામે,રામપરા–૨,તા.રાજુલા, જિ.અમરેલી છે. ઉપરોકત પ્રથમ પક્ષકાર તથા બીજા પક્ષકારને હાલના કામે ઔધોગીક તકરારના નિવારણ માટે સરળતા ખાતર અનુક્રમે '' સામાવાળા'' તથા ''અરજદાર'' તરીકે સં બોધવામાં આવશે.

(૨) હાલની ઔધોગીક તકરાર ન્યાય નિર્ણય માટે અત્રેની શ્રમ અદાલતને મદદનીશ શ્રમઆયુકત, અમરેલી તરફથી પત્રના હુકમક્રમાંક :કેએચ/એસ.એચ.એમ.સી/બી.એચ.એ./ઓડીઆર/૮૪/૨૦૦૨, તા.૧૫/૩/૨૦૦૩ ના રોજ મોકલવામાં આવેલ જેની અનુસૂચિ નીચે પ્રમાણે છે :

**:: અનુસૂચિ ::**

'' શ્રી રાજેશકુમાર ચંદુલાલ મહેતાને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? ''

(૩) સદર રેફરન્સ અત્રેની કોર્ટમાં આવ્યા બાદ અરજદારે આંક–૫ થી માંગણાનું નિવેદન રજુ કરી અરજદાર નોકરીનો બરતરફથી અંત લાવવાનો હુકમ ગેરકાયદેસર,ગેરબંધારણીય જોગવાઈની વિરુધ્ધ અનેઅન્યાયી હોય રદ કરી તેઓને તા.૧૯/૧૨/૨૦૦૨ થી પડેલ રોજ ભરપાઈ કરી નોકરીમાં પ્રસ્થાપિત કરવા અરજ કરેલ છે. તેમજ આ કામમા થયેલ ખર્ચની રકમ રૂા.૫૦૦૦/– સામાવાળા પાસેથી અપાવવા અરજ કરેલ છે.

(૪) આ કામે આંક-૬ થી સામાવાળાએ અરજદારના માંગણાના નિવેદન સામે વાંધા જવાબ રજુ કરેલ છે અને જણાવેલ છેકે આસીસ્ટન્ટ વાઈસ પ્રેસીડેન્ટ લીગલ એન્ડ એડમીનીસ્ટ્રેશન , અમદાવાદ તરફ લખવામા આવેલ અને જે મુજબ હાલનો અભ્યાસક્રમ ચલાવવા રાજય સરકાર કે કેન્દ્ર સરકાર તરફથી માન્યતા હોય તેવુ જણાવેલ નથી.જેથી તેઓએ તેના આધારે તા.૨૯/૧૦/૨૦૦૨ ના રોજ ચાર્જશીટ કમ શોકોઝ નોટીસ આપેલ તેમજ તેમના વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરેલ. અને ઈન્વારી ની કાર્યવાહી ` ગુજરાતી અને હીન્દી ભાષામાં અનુવાદ વાંચી સંભાળાવેલ ત્યાર પછી ઈન્કવાયરીથી એબન્ડન રહેવા લાગેલ, જેથી ઈન્કવાયરી એકસપાર્ટી ચલાવેલ. આ રીતે ઈન્કવાયરી તા.૨૭/૧૧/૨૦૦૨ ના રોજ ચાલેલ અને ત્યાબાદ તે ઈન્કવાયરી તા.૩૦/૧૧/૨૦૦૨ ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે તેમજ સાંજના ૪-૦૦ કલાકે તેમ બે સેશન્શમાં ઈન્કવાયરી થયેલ પણ બન્ને સેશન્શ દરમ્યાન જવાબદાર કર્મચારીએ તેમજ તેના ડીફેન્સ- રીપ્રેઝેન્ટેટીવે સહી કરવાની ના પાડેલ અને તેઓ ઈન્કવાયરી દરમ્યાન ગેરહાજર રહેલ અને ઈન્કવાયરી એક્ષપાર્ટી પુરી કરી ઈન્કવાયરી ઓફીસરે તે તમામ પુરાવાઓ સાથે પોતાના ફાઈન્ડીગ્ઝ તા.૧૨/૧૨/૨૦૦૨ ના રોજ મેનેજમેન્ટ પાસે રજુ કરેલા. ફાઈન્ડીગ્ઝ દરમ્યાન ઈન્કવાયરી ઓફીસરે તેમની વિરૂધ્ધ ચાર્જ નં.૧,૨,૩,૪ અને ૬ સાબીત માનેલા અને ચાર્જ નં.૫ સાબીત માનેલ નહી. ત્યારબાદ શ્રી કમલ બાલુજા,મેનેજીગ ડીરેકટરે અરજદારને ફાઈન્ડીગ્ઝની નકલ સાથે સેકન્ડ શોકોઝ નોટીસઆપેલ

પરંતુ તે શોકોઝ નોટીસ મળી ગયેલ હોવાછતા અરજદારે તે સેકન્ડ નોટીસનો કોઈ ખુલાસો કરેલ નહી જેથી તા.૧૯/૧૨/૨૦૦૨ના રોજ અરજદારને ડીસમીસલ નો ઓર્ડર આપવામાં આવેલ.

સામાવાળા વધુમાં જણાવેલ છે કે, અરજદાર વિરૂધ્ધ કરવામા આવેલ ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંતને અનુરુપ રહીને કરવામા આવેલ હતી.તેમજ તેમને કાયદેસર રીતે પણ પુરતી તક આપેલ એટલે કે ઈન્કવાયરી કાયદેસરની અને કુદરતી ન્યાયના સિધ્ધાંત પ્રમાણે કરેલ હતી પરંતુ નામદાર કોર્ટને ઈન્કવાયરી કાયદેસરની નથી તેવુ જણાય તો તેવા સંજોગોમાં તેઓ અરજદાર વિરૂધ્ધ મુકેલ ચાર્જશીટ નામદાર કોર્ટ સમક્ષ સાબીત કરવા તૈયાર છે અને તેવા તબકકે તેઓને તેવી તક આપવા અરજ કરેલછે. ઉપરોકત તમામ કારણોસર તથા હવે પછી આ અરજીની સુનાવણી વખતે જે જે રજુઆતો કરેલ તે સમગ્ર બાબતો લક્ષમા લઈ તથા અરજદાર સ્ટેટમેન્ટઓફ કલેમમાં જણાવેલ કોઈપણ દાદ કે દાદો મેળવવા હકકદાર થતા નથી તેમ ઠરાવી હાલની અરજદારનો રેફરન્સ ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલછે.

(૫) ત્યારબાદ અરજદાર તરફે આંક ૧૯ થી ખાતાકીય તપાસ ની કાયદેસરતા સબંધે પ્રાથમીક મુદાની અરજી રજુ રાખેલ જે મારા પુરોગામી ન્યાયાધીસ ધ્વારા મંજુર કરેલ, પંરતુ પ્રાથમીક મુદા સાથે તમામ મુદાઓ લગતા પુરાવાઓ રેકર્ડ પર લીધેલ. જેથી તા. ૪/૧૧/૨૩ ના રોજ આંક ૧૯ તળે વધુ હુકમ કરવામા આવેલ જે નીચે મુજબ છે.

**આંક ૧૯ તળે વધુ હુકમ**

*સબબ કામનું રેકર્ડ ધ્યાને લેતા મુળ અરજદારે આંક –૧૯ થી ઈન્કવારીની વેલીડીટી અને લીગાલીટી બાબતે અરજી આપેલ જે અરજી મં જુર કરી ખાતાકીય તપાસની વેલીડીટી અને લીગાલીટી બાબતે મારા પુરોગામી ન્યાયાધીશ નાઓ એ આંક ૧૯ થી નીચે મુજબ નો મુદો કાઢેલ.*

***અરજદાર વિરૂધ્ધ કરવામાં આવેલ ખાતાકીય' તપાસ યોગ્ય અને કાયદેશર છે. ?***

*ત્યારબાદ કેસમાં બન્ને પક્ષકારો તરફે દસ્તાવેજી અને મૌખીક પુરાવાઓ રેકર્ડ પર રજુ રાખવામાં આવેલ.*

*આમ, જયારે અરજદાર દવારા ખાતાકીય તપાસ ચેલેન્જ કરેલ હોય ત્યારે પ્રાથમીક મુદો ખાતાકીય તપાસ ની લીગાલીટી અને વેલીડીટી બાબતનો હોવો અનીવાર્ય છે અને પ્રાથમીક મુદો જ પ્ર થમ નીર્ણીત કરવાનો રહે છે. અને પ્રાથમીક મુદાના નીર્ણય ને આધારે જ બાકી મુદા અનુસરવાના થાય, પરંતુ સબબ કામમાં પ્રાથમીક મુદો નીર્ણીત કરતા પહેલા તમામ પુરવાઓ રેકર્ડ પર સામેલ રાખેલ છે, તેમજ સામાવાળી સંસ્થા વતી ઈન્કવાયરી ના સાક્ષી ને પણ તપાસી લીધેલ છે. આમ, પ્રાથમીક મુદો નીર્ણીત થયા પહેલા જ જયારે ઈન્કવાયરી ના સાક્ષી તપાસેલ હોય જેની હાલના તબકકે ( પ્ર ાથમીક મુદાના નીર્ણય માટે ) જરૂરી ન હોય તેવુ મારુ માનવુ છે.*

*વધુમાં જયારે ડોમેસ્ટીક ઈન્કવાયરી ની લીગાલીટી અને વેલીડીટી નકકી કરવા માટે કોઈ મૌખીક પુરાવાઓ રેકર્ડ પર લ ેવાના રહેતા નથી ફકત અને ફકત રેકર્ડ પર ડોમેસ્ટીક ઈન્કવાયરી સમયે રજુ થયેલ તમામ આધારો ને ધ્યાને લેવા*

જોઈએ તેવુ **નામદાર સર્વોચ્ચ અદાલતે એમ.એલ.સિંગલા વિ. પંજાબ નેશનલ બેંક ૨૦૧૮ (૦) એ આઈ જે ઈ એલ એસ સી ૬૨૯૩૭ ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ છે. તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતે કુપર એન્જીનીયરીગ વિ. વિ.પી પી મુન્ડે ૧૯૭૫ એ આઈ આર એસસી ૧૯૦૦ તેમજ શંકર ચક્રવતી વિ. બ્રીટાનીયા બીસ્કીટ કો લીમીટેડ (૧૯૭૯) ૩ એસ એસ સી ૩૭૧ ના** ચુકાદાઓ મા પ્રસ્થાપીત થયેલ સીધ્ધાંતોને પણ ઘ્યાને લેવામાં આવેલ.

આમ, જયારે ડોમેસ્ટીક ઈન્કવાયરી ની લીગાલીટી અને વેલીડીટી પ્રથમ નકકી કરવાની હોય, જેથી ઈન્કવારીને લગતા નવા પુરવા રેકર્ડ પર લઈ શકાય નહી, પરંતુ હાલના કેસમાં મૌખીક પુરાવાઓ રેકર્ડ પર લેવાયેલ છે . જે રેકર્ડ પર ની ભુલ ગણાવી શકાય જે પ્રોસીજરલ ઓમીશન ને સુધારવુ જ રહે છે તેવુ મારુ માનવુ છે. જેથી સબબ કામમાં રજુ થયેલ મૌખીક પુરાવા સિવાયના તમામ મૌખીક પુરાવાઓ મા બેક વેજીસ બાબતે આવેલ પુરાવા સિવાય ના તમામ મૌખીક પુરાવાઓ આઈ ડી એકટની કલમ ૩૬ (એ) તથા ધ ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુઅટ સેન્ટ્રલ નીયમો ૧૯૫૭ ના નીયમ ૨૮ 'ને ઘ્યાને રાખી આથી રદ યાને ડીસ્કાડ" કરવાનો હુકમ કરવામાં આવે છે.

વઘુમાં બન્ને પક્ષકારોના વિ.વ.શ્રી.નો ઓ ને આંક ૧૯ તળે કાઢવામાં આવેલ પ્રાથમીક મુદા બાબતે બાકી રહેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ હાલનો હુકમ જાહેર થયા ના ૦૫ દિવસમાં રજુ કરવાનો આથી હુકમ કરવામાં આવે' છે, અને દસ્તાવેજી પુરાવા રજુ

થયા બાદ પ્રાથમીક પુરાવાઓ બાબતે દલીલ કરવા આદેશ કરવામાં આવે છે.

વધુમાં , સબબ કેસમાં થયેલ કાર્યવાહી પધ્ધતી માં પ્રોસીજરલ ક્ચાસ રહેલ હોય અને પ્રાથમીક મુદા બાબતે ફરીથી કેસ ચાલવા પર આવેલ હોય જેથી બન્ને પક્ષકારોના વિ.વ.શ્રી.ના ઓ ને આદેશ કરવામાં આવે છે કે વગર કારણે મુદતો મંજુર થઈ શકશે નહી. તેમજ હવે,પછી ની તમામ કાર્યવાહી ડે બાય ડે ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરકોત હુકમની જાણ પક્ષકારો તથા વિ.વ.શ્રી નો ઓ ને કરવામાં આવેલ તથા હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવે છે.

સ્થળ : અમરેલી
તા. ૪/૧૧/૨૦૨૩

સહી
પ્રમુખ અધિકારી
મજુર અદાલત, અમરેલી
GJ01436.

(૬) આ કામે ઉપરોકત હુકમ અન્વયે ખાતાકીય તપાસ બાબતે અરજદાર તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે:

**–: દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | વિગત | આંક/માર્ક |
|---|---|---|
| ૧ | અરજદારની અરજી તથા તે લગત સર્ટી..પ્રમાણપત્ર ની તા.૭/૭/૯૪ ની નકલ | આંક–૩૪ |
| ૨ | અરજદારનુ એન.સી.સી. સર્ટી.તથા માર્કશીટની સને ૧૯૯૦ની નકલ | માર્ક:૧૮/૨ |
| ૩ | નિમણુક લેટરની તા.૧/૮/૯૪ ની નકલ | આંક–૩૫ |

| | | |
|---|---|---|
| ૪ | સંસ્થાનો કન્ફરમેડ લેટરની તા.૮/૨/૯૫ની નકલ | આંક–૩૬ |
| ૫ | PERSONNEL INVENTORY SYSTEM ની તા.૨૫/૧/૯૮ની નકલ | માર્ક:૧૮/૫ |
| ૬ | ડો. એલ.આર.ટીમણીયાના લેટરની તા.૧૧/૯ / ૯૭ની નકલ | આંક–૩૭ |
| ૭ | સંસ્થાએ આપેલ સર્ટીફીકેટની તા.૨૩/૩/૨૦૦૦ની નકલ | માર્ક: ૧૮/૭ |
| ૮ | સંસ્થાએ આપેલ સર્ટીફીકેટની તા.૨૩/૩/૨૦૦૦ની નકલ | આંક–૩૮ |
| ૯ | St.John Ambulance Association ના તા.૧૧ /૮/૮૫ સર્ટી. ની નકલ | માર્ક: ૧૮/૯ |
| ૧૦ | ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદીક એન્ડ યુનાની સીસ્ટમ્સ ઓફ મેડીસેનના રજીસ્ટ્રારશ્રીએ આપેલ જવાબની નકલ | આંક–૩૯ |
| ૧૧ | અરજદારની ડીપાર્ટમેન્ટ તબદીલ કરવાની તા.૨૨/૯/૦૧ની અરજીની નકલ | માર્ક: ૧ ૮/૧૧ |
| ૧૨ | અરજદારનીમુદત અરજી તા.૭/૧૧/૦૨નીનકલ | આંક–૪૦ |
| ૧૩ | ઈન્કવાયરી ઓફીસરે ઈન્કવાયરીમાં મદદનીશ રાખવાની અરજી ગ્રાહય ન રાખ્યાના નિર્ણયની જાણ કરેલ તેની તા.૮/૧૧/૦૨ ની નકલ | આંક–૪૧ |
| ૧૪ | અરજદારની અરજ તે લગત સમંતી પત્ર સહની તા.૧ ૨/૧૧/૦૨ની નકલ | માર્ક:૧૮/૧૪ |
| ૧૫ | અરજદારની ઈન્કવાયરીનોંધ ગુજરાતીમાંઆપવાની અરજી ની તા.૧૬/૧૧/૦૨નીનકલ | આંક–૪૨ |
| ૧૬ | અરજદારની નોંધ ગુજરાતી ભાષામાં કરવા આપેલ અરજીની તા.૨૧/૧૧/૦૨ ની નકલ | આંક–૪૩ |
| ૧૭ | અરજદારની ખાતાકીય તપાસના કામે નોંધ ગુજરાતીમાં કરવા આપેલ અરજીની તા.૨૧/૧૧/ ૦૨ ની નકલ | આંક–૪૪ |
| ૧૮ | અરજદારે ઈંગ્લીશ નોંધમાં સહી કરવાની ના કહેલ તે અરજીની તા.૨૧/૧૧/૨૦૦૨ ની નકલ | આંક–૪૫ |
| ૧૯ | ઈન્કવાયરી ઓફીસરે નોંધ ગુજરાતીમા કરવાની અસમર્થતા બતાવેલ તેની લેખીત અરજી આપેલ તેની | આંક–૪૬ |

| | | |
|---|---|---|
| | તા.૨૧/૧૧/૦૨ની નકલ | |
| ૨૦ | અરજદારની ગુજરાતી ભાષમા પત્રો અને ડ્રાફટ આપવાની અરજીની તા. ૨૬/૧૧/૦૨ ની નકલ | આંક–૪૭ |
| ૨૧ | અરજદારની બંધ કવરમાં આપેલ કાગળો ગુજરાતીમાં આપવાની અરજીની તા.૧૩/૧૨/ ૦૨ની નકલ | આંક–૪૮ |
| ૨૨ | અરજદારની પત્ર–કવર ગુજરાતીભાષામાં આપવાની અરજી તા.૧૩/૧૨/૦૨ની નકલ | માર્ક: ૧૮/૨૨ |
| ૨૩ | અરજદારની અંગ્રેજીભાષના પત્રોનુ ગુજરાતી ભાષાંતર કરી આપવાની અરજી તા.૧૪/૧૨/૦૨ની નકલ | માર્ક: ૧૮/૨૩ |
| ૨૪ | અરજદારની પત્રગુજરાતી ભાષામાં આપવાની અરજીની તા.૧૯/૧૨/૦૨ ની નકલ | માર્ક: ૧૮/૨૪ |
| ૨૫ | અરજદારના રજા રીપોર્ટની તા.૧૯/૧૨/૦૨ની નકલ | માર્ક: ૧૮/૨૫ |
| ૨૬ | યુનીયન બાબતે સામાવાળાને જાણ કરતા પત્રની તા.૫/૬/૦૨ ની નકલ | માર્ક:૩૩/૧ |
| ૨૭ | રજી. એ.ડી.ની સ્વીકૃતી પાવતીની તા.૭/૬/૦૨ની નકલ | માર્ક:૩૩/૨ |
| ૨૮ | અનફેરલેબર પ્રેકટીશ અંગેની સ્ટાઈકનોટીસ તા.૧ ૮/૬/૦૨ની નકલ | માર્ક:૩૩/૩ |
| ૨૯ | પોલીસ સબ ઈન્સ્પેકટર,રાજુલાએ કાનુની અભીપ્રાય માગેલ તેની નકલ | માર્ક:૩૩/૪ |
| ૩૦ | પોલીસ સબ ઈન્સ્પેકટર , રાજુલા એ કોર્ટને લખેલ અરજની તા.૨૮/૨/૦૩ની નકલ | માર્ક:૩૩/૫ |
| ૩૧ | સરકારી વકીલે કાનુની અભીપ્રાયઆપેલ તેની તા. ૧ ૦/૩/૦૩નીનકલ | માર્ક:૩૩/૬ |

**(૭)** આ કામે સામાવાળા તરફે નીચે મુજબના ખાતાકીય તપાસ બાબતે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે:

## –: દસ્તાવેજી પુરાવો :–

| ક્રમ | વિગત | આંક/માર્ક |
|---|---|---|
| ૧ | દિપક જી.જેડાના ભરી આપેલ પસર્નલ ઈન્ફોમેશન | માર્ક:૨૧/૧ |

| | | |
|---|---|---|
| | તા.૨૧/૧/૯૯ ની ઝેરોક્ષ નકલ | |
| ૨ | દિપક જી.જેડાનો નિમણુક હુકમ તા.૧/૯/૯૫ની ઝેરોક્ષ નકલ | માર્ક:૨૧/૨ |
| ૩ | દિપક જી. જેડાએ સંસ્થાના અંગ્રેજીમા લખેલ પત્રતા.૧૪/૭/૯૫ની ઝેરોક્ષ નકલ | માર્ક:૨૧/૩ |
| ૪ | દિપક જી. જેડાનો બાયોડેટાની ઝેરોક્ષ નકલ | માર્ક:૨૧/૪ |
| ૫ | અરજદાર વિરુધ્ધ ચાલતો ફોજદારી કેસ ૪૬/૦૨તા.૨૧/૧૨/૨૦૦૨ ની ઝેરોક્ષ નકલ | માર્ક:૨૧/૫ |
| ૬ | અરજદાર વિરુધ્ધ ચાલતા ફોજદારી કેસ નં.૮૬૦ / ૨૦૧૫ ના સ્ટેટશની ઝેરોક્ષ નકલ | માર્ક:૨૧/૬ |
| ૭ | અમરેલી જીલ્લા મઝદુરસંઘદવારા લખાયેલપત્ર તા.૫/૬/૨૦૦૨ની અસલ નકલ | માર્ક:૧૩૨/૧ |
| ૮ | ઉપરોકત પત્રનો કવર તા.૫/૬/૨૦૦૨ની અસલ નકલ | માર્ક:૧૩૨/૨ |
| ૯ | અમરેલી જિલ્લા મઝદુર સંઘદવારા લખાયેલ પત્ર તા. ૧૮/૬/૨૦૦૨ની અસલનકલ | માર્ક:૧૩૨/૩ |
| ૧૦ | ઉપરોકત પત્રનો કવરતા.૧૮/૬/૨૦૦૨ ની અસલ નકલ | માર્ક:૧૩૨/૪ |
| ૧૧ | સંસ્થાએ અરજદારને શોકોઝ નોટીસનો જવાબ આપવા માટે લખેલ પત્ર તા.૧૬/૧૨/૨૦૦૨ની અસલ ઓફીસ કોપીની નકલ | માર્ક:૧૩૨/૫ |
| ૧૨ | અરજદારે સંસ્થાને લખેલ પત્ર તા. ૧૯/૧૨/૨૦૦૨ ની અસલ નકલ | માર્ક:૧૩૨/૬ |
| ૧૩ | અરજદારને આપવામા આવેલ ચાર્જશીટ તા.૨૯/૧૦/૦૨ની ઓફીસકોપી/અસલ | આંક–૭૫ |
| ૧૪ | અરજદારને આપવામા આવેલ ચાર્જશીટ ગુજરાતી અનુવાદન તા.૨૯/૧૦/૦૨ની ઓફીસ કોપી/અસલ | આંક–૭૬ |
| ૧૫ | ચાર્જશીટનો અરજદારે આપેલ ખુલાસો તા.૦૧/૧૧/૦૨ની અસલ | આંક–૭૭ |
| ૧૬ | સંસ્થાએ વાઈસ પ્રેસીડન્ટ એ.એમ. | આંક–૭૮ |

| | | |
|---|---|---|
| | વૈધ્યને ઈન્કવાયરી ઓફીસર તરીકે નિમણુક કરતો પત્રતા.૨/૧૧/૦૨ની અસલ | |
| ૧૭ | સંસ્થાએ અરજદારને ખાતાકીય તપાસનો જાણ કરતો પત્ર તા. ૩/૧૧/૦૨નીઅસલ | આંક–૭૯ |
| ૧૮ | ઈન્કવાયરી ઓફીસરે અરજદારને ખાતાકીય તપાસની મુદતની જાણ કરતો લખેલ પત્ર તા.૩/૧૧/૦૨નીઅસલ | આંક–૮૦ |
| ૧૯ | ઉપરોકત પત્રનો ગુજરાતી અનુવાદન તા.૩/૧૧ /૦૨ની અસલ | આંક–૮૧ |
| ૨૦ | તા.૭/૧૧/૦૨નું ઈન્કવાયરી પ્રોસીડીગ્સ કુલ પાના ૮/૧ થ ૮/૦૪ તા.૭/૧૧/૦૨નીઅસલ | આંક–૮૨ |
| ૨૧ | અરજદારે ઈન્કવાયરી ઓફસરને યુનીયનના પ્ર મુખશ્રીને નીમણુક કરવા લખેલ પત્રતા.૭/૧૧ /૦૨ની અસલ | આંક–૮૩ |
| ૨૨ | સંસ્થાએ અરજદારને યુનિયનનાપ્ર મુખને ઈન્કવાયરીમાં પ્રતિનિધિ રોકવા બાબતે લખેલ પત્રતા.૮/૧૧/૦૨નીઅસલ | આંક–૮૪ |
| ૨૩ | ઉપરોકત પત્રનુ ગુજરાતી અનુવાદન તા.૮/૧૧ /૦૨ની અસલ | આંક–૮૫ |
| ૨૪ | તા.૯/૧૧/૦૨નું ઈન્કવાયર પ્રોસીડીગ્સ કુલ પાના ૧૨/૧થી ૧૨/૩ તા.૯/૧૧/૦૨નીઅસલ | આંક–૮૬ |
| ૨૫ | અરજદારે ખાતાકીય તપાસમાં સહ કર્મચારીને નીમણુક કરવા માટે માંગેલ મુદત તા.૯/૧૧/૦૨નીઅસલ | આંક–૮૭ |
| ૨૬ | તા.૧૨/૧૧/૦૨ નું ઈન્કવાયરી પ્રોસીડીગ્સ કુલ પાના ૧૪/૧થી ૧૪/૦૪તા.૧૨/૧૧/૦૨અસલ | આંક–૮૮ |
| ૨૭ | અરજદારે સહ કર્મચારી તરીકે દીપક જાડે જુનીયર આસીસ્ટન્ટને મદદનીશતરીકે નીમણુક કરવા અં ગે સંસ્થાને લખેલ પત્ર તા.૧૨/૧૧/૦૨ અસલ | આંક–૮૯ |

| | | |
|---|---|---|
| ૨૮ | તા.૧૬/૧૧/૦૨ નું ઈન્કવાયરી પ્રોસીડીંગ્સ કુલ પાના ૧૬/૧ થી ૧૬/૦૫ તા.૧૬/૧૧/૦૨ અસલ | આંક–૯૦ |
| ૨૯ | અરજદારે ઈન્કવાયરી ઓફીસરને લખેલ પત્ર તા.૧ ૬/૧૧/૦૨અસલ | આંક–૯૧ |
| ૩૦ | તા.૨૦/૧૧/૦૨ નું ઈન્કવાયરી પ્રોસીડીંગ્સકુલ પાના ૧૮/૧ થી ૧૮/૦૬ તા.૨૦/૧૧/૦૨અસલ | આંક–૯૨ |
| ૩૧ | તા.૨૧/૧૧/૦૨નું ઈન્કવાયરી પ્રોસીડીંગ્સ કુલ પાના ૧૯/૧ થી ૧૯/૦૭ તા.૨૧/૧૧/૦૨ અસલ | આંક–૯૩ |
| ૩૨ | ઈન્કવાયરી ઓફીસર દવારા અરજદારને તા.૨૧ /૧૧/૦૨ના પ્રોસીડીંગ્સટપાલ મારફતે તેમના નિવાસ સ્થાનેમોકલ્યા અંગેનો પત્ર તથા તે સાથે પ્ર ોસીડીંગ્સનીનકલ તા.૨૩/૧૧/૦૨ની અસલ | આંક–૯૪ |
| ૩૩ | ઉપરોકત પત્ર અરજદારને હાથોહાથ તેમના નિવાસ સ્થાને મોકલ્યા અંગે પ્યુન બુકની તા.૨૫/૧૧/૦૨ ની ઝેરોક્ષ નકલ | આંક–૯૫ |
| ૩૪ | તા.૨૨/૧૧/૦૨ નું ઈન્કવાયરી પ્રોસીડીંગ્સ કુલ પાના ૨૨/૧ થી૨૨/૧૩તા.૨૨/૧૧/૦૨ની અસલ | આંક–૯૬ |
| ૩૫ | અરજદારે ઈન્કવાયરી ઓફીસરને હીન્દીમા લખેલ પત્ર તા.૨૨/૧૧/૦૨ની અસલ | આંક–૯૭ |
| ૩૬ | અરજદારે ઉપરોકત પત્ર ફેકસ મારફતેમોકલાવેલ તેનીનકલ તા.૨૨/૧૧/૦૨ નીઅસલ | આંક–૯૮ |
| ૩૭ | તા.૨૬/૧૧/૦૨ નું ઈન્કવાયરી પ્રોસીડીંગ્સ તથા તે સાથેના એનેક્ષરકુલ પાના૨૫/૧ થી૨૫/૮ તા.૨૬/૧૧/૦૨નીઅસલ | આંક–૯૯ |
| ૩૮ | તા.૨૬/૧૧/૦૨ નું ઈન્કવાયરી પ્રોસીડીંગ્સ તથા તે સાથેના એનેક્ષર કુલ પાના૨૬/૧ થી ૨૬/૭ તા.૨૬/૧૧/૦૨નીઅસલ | આંક–૧૦૦ |

| | | |
|---|---|---|
| ૩૯ | તા.૨૭/૧૧/૦૨ નું ઈન્કવાયરી પ્રોસીડીગ્સ તથા તે સાથેના એનેક્ષર કુલ પાના ૨૭/૧ થી ૨૭/૧૧ તા.૨૭/૧૧/૦૨નીઅસલ | આંક–૧૦૧ |
| ૪૦ | તા.૨૭/૧૧/૦૨ ના ઈન્કવાયરી પ્રોસીડીગ્સમાં પ્રેઝન્ટીંગ ઓફીસર દવારા એનેક્ષર–એ થીરજુ કરેલ અરજદારે સંસ્થામા રજુ રાખેલ ડો.ભાનુ નેચરોપેથી કોલેજ રાજકોટનું સર્ટીફીકેટની એટેસ્ટેડ કોપી તા.૨/૧૦ /૯૩ ની એટેસ્ટેડ કોપી | આંક–૧૦૨ |
| ૪૧ | તા.૨૭/૧૧/૦૨ ના ઈન્કવાયરી પ્રોસીડીગ્સ માં પ્રેસન્ટીંગ ઓફીસર દવારા એનેક્ષર–બી થી રજુ કરેલ સંસ્થાના બી.એસ.ભટી દવારા સંસ્થાને આપેલફેકટ ફાઈન્ડીંગ રીપોર્ટ તા.૧૮/૫/૦૨ ની અસલ | આંક–૧૦૩ |
| ૪૨ | તા.૨૭/૧૧/૦૨ના ઈન્કવાયરી પ્રોસીડીગ્સમાં પ્રેસન્ટીગ ઓફીસર દવારા એનેક્ષર–સી થી રજુ કરેલ ગુજરાતબોર્ડ ઓફ આર્યુવેદીક ઓફ યુનાની સીસ્ટમઓફ મેડીસીનના રજીસ્ટાર દવારા સંસ્થાના આસીસ્ટન્ટ વાઈસ પ્રેસીડન્ટને અરજદારનીડીગ્રી બાબતે લખેલ પત્ર તા.૮/૮/૦૨ની અસલ | આંક–૧૦૪ |
| ૪૩ | તા.૩૦/૧૧/૦૨ ના સવારના ૧૦/૦૦ કલાકના ઈન્કવાયરી પ્રોસીડીગ્સ કુલ પાના ૩૧/૧ થી ૩૧/૧૪ તા. ૩૦/૧૧/૦૨ની અસલ | આંક–૧૦૫ |
| ૪૪ | તા.૩૦/૧૧/૦૨ ના ઈન્કવાયરી પ્રોસીડીગ્સમાં પ્રેસન્ટીગ ઓફીસર દવારા એનેક્ષર–ડી થી રજુકરેલ ફેડ્રીક અલજાડા લખી આપેલ પત્ર તા.૨૨/૭/૦૨ની અસલ | આંક–૧૦૬ |
| ૪૫ | તા.૩૦/૧૧/૦૨ ના ઈન્કવાયરી પ્રોસીડીગ્સમાં પ્રેસન્ટીગ ઓફીસર દવારા એનેક્ષર–ઈ તથા એફ થી રજુ થયેલ ફેડ્રીક અલજાડાની યુનીયન ના | આંક–૧૦૭ |

| | | |
|---|---|---|
| | વાર્ષીક લવાજમનીપહોચો અસલ | |
| ૪૬ | તા.૩૦/૧૧/૦૨ ના બપોરના ૦૪/૦૦ કલાકના ઈન્કવાયરી પ્રોસીડીગ્સ કુલ પાના ૩૪/૧ થી ૩૪/૧૬ તા.૩૦/૧૧/૦૨નીઅસલ | આંક–૧૦૮ |
| ૪૭ | તા.૩૦/૧૧/૦૨ ના ઈન્કવાયરી પ્રોસીડીગ્સમા પ્રેસન્ટીગ ઓફીસર દવારા એનેક્ષર–જી થી શ્રી વાઘેલાએ સંસ્થાને લખી આપેલ પત્ર તા.૨૪/૧૦/૦૨નીઅસલ | આંક–૧૦૯ |
| ૪૮ | તા.૩૦/૧૧/૦૨ ના ઈન્કવાયરી પ્રોસીડીગ્સમાં પ્રેસન્ટીગ ઓફીસર દવારા એનેક્ષર–એચ થી સંબંધીત કર્મચારીએ પોલીસ સમક્ષ આપેલ નિવેદનની નકલતા. ૩/૭/૦૨ની ઝેરોક્ષનકલ | આંક–૧૧૦ |
| ૪૯ | તા.૩૦/૧૧/૦૨ ના ઈન્કવાયરી પ્રોસીડીગ્સમાં પ્રેસન્ટીંગ ઓફીસરદવારા એનેક્ષર–આઈ થી સંસ્થાએ સંબંધીત કર્મચારીની લીવ રીકવેસ્ટ સંબઘે લખેલ પત્ર તથા તે સાથેના એનેક્ષર કુલ પાના ૧ થી ૪ તા.૩/૭/૦૨ ની ઓફીસકોપી | આંક–૧૧૧ |
| ૫૦ | તા.૩૦/૧૧/૦૨ના ઈન્કવાયરી પ્રોસીડીગ્સમાં પ્રેસન્ટીગ ઓફીસર દવારા એનેક્ષર–જે થી સંસ્થાએ સંબધીત કર્મચારી દવારા માંદગી સબબની રજા અંગે રજુકરેલ મેડીકલ સર્ટીફીકેટ તથા તે સાથેના મેડીકલ બીલ તથા બ્લડ રીપોર્ટ કુલ પાના ૧થીપની અસલ | આંક–૧૧૨ |
| ૫૧ | તા.૩૦/૧૧/૦૨ ના ઈન્કવાયરી પ્રોસીડીગ્સમાં પ્રેસન્ટીંગ ઓફીસર દવારા એનેક્ષર –કે થી અરજદારે સંસ્થામા આપેલ લીવ એપ્લીકેશનફોર્મ તથા તેસંબંધે સંસ્થાનાસીનીયર વાઈઝ પ્રેસીડન્ટ એડમીન દવારા જેતે ડીપાર્ટમેન્ટને રજા સબંઘે આપવામા આવેલસર્ટીફીકેટનીચકાસણી કરવા લખેલ પત્ર કુલ પાના ૧ થીજઅસલ | આંક–૧૧૩ |

| | | |
|---|---|---|
| ૫૨ | ઈન્કવાયરી ઓફીસરના તારણો (તે સાથેના એનેક્ષરો) તા.૧૨/૧૨/૦૨નીઅસલ | આંક–૧૧૪ |
| ૫૩ | અરજદારને આપવામા આવેલ સેકન્ડ શોકોઝ નોટીસતા.૧૨/૧૨/૦૨ અસલ–ઓફીસકોપી | આંક–૧૧૫ |
| ૫૪ | અરજદારને છુટા કર્યા અંગેનો હુકમ તા.૧૯/૧૨/૦૨ નીઅસલ–ઓફીસકોપી | આંક–૧૧૬ |
| ૫૫ | સંસ્થાએ અરજદારને આપવામા આવેલ લીગલ નોટીસનો આપેલ જવાબ તા.૨૭/૧૨/૦૨ ની અસલ–ઓફીસકોપી | આંક–૧૧૭ |
| ૫૬ | સંસ્થાએ કન્સીલેશન કેસ ૮૪/૦૨મા આપેલ જવાબ તા.૭/૦૨/૦૩ ની અસલ–ઓફીસકોપી | આંક–૧૧૮ |
| ૫૭ | અરજદારને આપવામાઆવેલ નીમણુક હુકમ તા.૧/૦૮/૯૪ નીઝેરોક્ષનકલ | આંક–૧૧૯ |
| ૫૮ | અરજદારે રજુ રાખેલ ડોકટર ઓફ નેચરોપથીનુ સર્ટી.તા.૨/૧૦/૯૩ની ઝેરોક્ષ | આંક–૧૨૦ |
| ૫૯ | અરજદારે નોકરીમાં રહેલ ત્યારે ભરી આપેલપર્સનલ ડીટેલનું પત્ર ની ઝેરોક્ષ નકલ | આંક–૧૨૧ |
| ૬૦ | અરજદાર વિરૂધ્ધ દાખલ થયેલ એફ.આઈ.આર. તથા તે સાથેના નિવેદનોની પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ રાજુલા પાસેથી મેળવેલ ખરી નકલ તા.૨૩/૦૩/૦૩ ની ખરીનકલ | આંક–૧૨૨ |
| ૬૧ | રાજુલા પોલીસ સ્ટેશન દવારા ફોજદારી કાર્યવાહીની કલમ ૧૭૩ (૧)(ખ) હેઠળ કરેલ કાર્યવાહીતા.૨૩/૦૩/૦૩નીઅસલ | આંક–૧૨૩ |
| ૬૨ | અમરેલી જીલ્લા મજદુર સંઘ દવારા સંસ્થાને મોકલાવેલ રક્ષિત કામદારો તરીકે જાહેર કરવાના કામદારો ની યાદી તા.૧/૦૯/૦૨ નીઅસલ | આંક–૧૨૪ |
| ૬૩ | દિપક જી જેડાએ સંસ્થાને આપેલ બાયોડેટા કુલ | આંક–૧૨૫ |

| | | |
|---|---|---|
| | પાના ૧ થી ૨ ની અસલ | |
| ૬૪ | દિપક જી જેડાએ સંસ્થા ને લખેલ પત્ર તા.૧૪/૭/૯૫નીઅસલ | આંક–૧૨૬ |
| ૬૫ | દિપક જી જેડાએ સંસ્થાને આપેલ નિમણુક પત્ર તા. ૧/૯/૯૫ ની અસલ –ઓફીસ કોપી | આંક–૧૨૭ |
| ૬૬ | દિપક જી જેડાએ સંસ્થાને ભરી આપેલ પર્સનલ ઈન્ફોર્મેશન પત્રક તા.૨૧/૧/૯૯નીઅસલ | આંક–૧૨૮ |
| ૬૭ | અરજદાર વિરૂઘ્ઘ ચાલતા ફોજદારી કેસ ૪૬/૨૦૦૨ ની ફરીયાદ તથા તે હેઠળ થયેલ હુકમની પ્રીન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ રાજુલા પાસેથી મેળવેલ ખરી નકલ તા.૨૧/૧૨/૦૨ નીખરી નકલ | આંક–૧૨૯ |
| ૬૮ | અરજદાર વિરૂઘ્ઘ ચાલતા ફોજદારી કેસ નં.૮૬૦/૨૦૧૫ નુ સ્ટેટશ ની નેટમાંથી મેળવેલ નકલ | આંક–૧૩૦ |

(૮) ઉપરોકત પુરાવા બાદ અરજદાર તરફે વિ.વશ્રી એ.એમ.પટેલના ઓની મુખ્ય રજુઆત તેમજ દલીલ છે કે, અરજદાર/ડયુલીકવન્ટ ઈન્કવાયરી સમયે ઈન્કવાયરી ગુજરાતી ભાષામાં કરવા જાણ કરેલ અને મોખીક તેમજ લેખીતા પત્રો ઈન્કવાયરી ઓફીસરને આપેલ. તેમ છતા સમગ્ર ઈન્કવાયરી ગુજરાતી ભાષાની જગ્યાએ અંગ્રેજી ભાષામાં કરેલ. જે કુદરતી ન્યાયના સિઘ્ઘાંત વિરૂઘ્ઘ કરેલ છે. તેમજ ખાતાકીય તપાસની લખાણપટી તથા વાતચીત પણ ગુજરાતી ભાષામા કરવાની જગ્યાએ અંગ્રેજી ભાષામા કરેલ જે આંક–૪૨ થી ૪૮ સુધી તથા માર્ક:૧૮/૨૪ અને ૧૮/૨૨ ના આધારોથી સ્પષ્ટપણે ફલીત થાય છે.

વધુમાં, સાથી કર્મચારી પણ ગુજરાતી રાખવા દીધેલ નહી અને બહારના વ્યકિત રાખી ન શકાય તેવી રજુઆત કરી અને માગ્યા મુજબ પ્રતિનિધિ તરીકે રાખવા દીધેલ નહી તેમજ વધુમાં દલીલ કરેલછે કે કર્મચારીને ન સમજાય તેવી પધ્ધતિ અપનાવી પુરતી તક પણ અરજદાર/ડયુલીકવન્ટ ને આપેલ નથી. તેમજ ચાર્જશીટની નકલો પણ અંગ્રેજીમા આપેલ છે અને નિવેદનો પણ અંગ્રેજીમા લીધેલ છે. તેમજ એક ડોકટરની વિરૂધ્ધ ઈન્કવાયરી કરેલ હોય તેવી રીતે પ્રોસીડ કરેલ છે. આમ કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ ઈન્વાયરી કરેલાનુ પ્રાથમીક તબકકે જણાતુ હોય જેથી ઈન્કવાયરી ઈન્કવાયરી ઓફીસરે અયોગ્ય અને ગેરકાનુની કરેલ હોય અરજદાર/ડયુલીકવન્ટ ને પુન:સ્થાપન કરવા અરજ ગુજારેલ છે.

જયારે, સામાવાળા તરફે આંક-૧૩૯ થી લેખીત દલીલ રજુ કરી આંક-૧૪૦ થી જુદા જુદા ચુકાદાઓ રજુ રાખેલ છે જે લેખીત દલીલ તથા રજુ રાખેલ ચુકાદાઓ માન સહ રીતે વંચાણે લીધા. જયારે સામાવાળા તરફે લેખીત દલીલો કરી નીચે મુજબ ના સાઈટેશન લીસ્ટ રજુ રાખેલ છે જે માનસહ રીતે વંચાણે લીધેલ.

*(૧) ૨૦૦૭ એલ.એલ.આર. પાના નં.૭૩ સુપ્રીમકોર્ટ*

*(૨) ૨૦૦3 એલ .એલ.આર. પાનાનં.૭૯૦ મદ્રાસ હાઈકોર્ટ*

*(3) ૧૯૯૭ એલ.એલ.આર. પાના નં.33૫ સુપ્રીમકોર્ટ*

*(૪) ૨૦૦૮ એસ.સી.સી. પાના નં.૯૯૬ સુપ્રીમકોર્ટ*

*(૫)૧૯૯૮ એસ.સી.સી. પાના નં.૧૧૨૯ સુપ્રીમકોર્ટ*

*(૬)૧૯૯૯ એસ.સી.સી પાના નં.૧૨૨૪ સુપ્રીમકોર્ટ*

*(૭)૨૦૧૫ એલ.એલ.આર.પાના નં.૩૨૮ શોર્ટનોટ–૪૯ ગુજરાતહાઈકોર્ટ*

*(૮)૧૯૯૭ એલ.આઈ.સી.પાના નં.૨૧૪૮ મદ્રાસ હાઈકોર્ટ*

*(૯)૧૯૯૬ એલ.એલ.આર. પાના નં.૪૪૮ રાજસ્થાન હાઈકોર્ટ*

*(૧૦) ૨૦૧૭ એલ.એલ.આર.પાના નં.૬૭૮ દિલ્હી હાઈકોર્ટ*

*(૧૧) ૨૦૧૭ એલ.એલ.આર. પાના નં.૧૦૩૪ હેદ્રાબાદ હાઈકોર્ટ*

*(૧૨) સંસ્થાના પ્રમાણીત સ્ટેન્ડીગ ઓર્ડર*

(૯) આ કામમાં રજુ થયેલ વિવાદના આધારે અરજદાર ની અરજી ના ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબ ના મુદાઓ ઉપસ્થિત થાય છે.

- **મુદાઓ :**

**(૧) શું અરજદાર વિરૂઘ્ધ કરવામા આવેલ ખાતાકીય તપાસ યોગ્ય અને કાયદેસર છે. ?**

**(૨) શું હુકમ ?**

(૯.૧) ઉપરોકત મુદ્દાઓ અંગે મારા જવાબ નીચે મુજબ છે.

**(૧) નકારાત્મક**

**(૨) આખરી હુકમ મુજબ**

**(૧૦)** ઉપરોકત મુદા ને લગતા કારણો નીચે મુજબ આપવામા આવે છે.

**–: મુદા નં.૧:–**

**(૧૦.૧)** હવે, મુદા નંબર ૧ બાબતે ચર્ચા કરવામા આવે તો સામાવાળા તરફે આંક–૬૪ થી અરજદાર/ડયુલીકવન્ટ સામે કરેલ ખાતાકીય તપાસમાં તમામ અસલ દસ્તાવેજો આંક–૭૫ થી ૧૩૦ સુધી રજુ રાખેલ છે. જે તમામ દસ્તાવેજો સંક્ષિપ્તમાજોઈએ તો, અરજદાર/ડયુલીકવન્ટ ને ખાતાકીય તપાસ બાબતે શોકોઝ નોટીસ તથા ચાર્જશીટ ગુજરાતી તથા અંગ્રેજી ભાષામા માંગણી મુજબ આપેલ છે, તેમજ ઈન્કવાયરી ઓફીસરની તથા પ્રેઝેન્ટીંગ ઓફીસરની નિમણૂકના આધારો આંક–૭૫ થી ૮૧ સુધી રજુ રાખેલ છે.

હવે, આંક–૮૨ ,૮૬,૮૮,૯૦,૯૨,૯૩,૯૬ તેમજ ૯૯ થી કરેલ ઈન્કવાયરીની પ્રોસીડીંગ જોવામાં આવે તો કરેલ પ્રોસીડીગ (રોજકામ) અંગ્રેજી ભાષામા જણાઈ આવે છે. હવે અરજદાર દવારા સબબ ઈન્કવાયરીની ભાષા બાબતે તા.૧૬/૧૧/૨૦૦૨ ના રોજ અરજદાર/ડયુલીકવન્ટ ધ્વારા ઈન્વારી ની કાર્યવાહી દરમીયાન ઈન્કવાયરી ઓફીસરને પત્ર લખી જાણ કરેલ છે, જે પત્ર આંક–૯૧ થી રજુ રાખેલછે. જે અરજી ઘ્યાને લેવામા આવે તો અરજદાર/ડયુલીકવન્ટ સ્પષ્ટપણે ઈન્કવાયરી બાબતે અંગ્રેજી ભાષાનું સંપુર્ણ જ્ઞાન ન હોવાનુ રજુઆત કરેલ છે અને કયા અર્થમા લખાયેલ છે તે અભિપ્રેત થતુ ન હોય જેથી કુદરતી ન્યાયના સિધ્ધાંતને ઘ્યાને રાખી ગુજરાતી માતૃભાષામા ઈન્કવાયરીની કાર્યવાહી લખવા અરજ કરેલ. જે અનુસં ધાને ઈન્કવાયરી ઓફીસરે અરજદાર/ડયુલીકવન્ટ અરજીના અનુસંધાને આં

ક–૯૦ ની પ્રોસીડીગના પાના નં.–૨ મા અરજદાર/ડયુલીકવન્ટ રજુઆતનો ઉલ્લેખ કરેલ છે જયારે પાના નં.–૩ માં ઈન્કવાયરી ઓફીસરે અરજદાર/ડયુલીકવન્ટને નીચે મુજબ પુછેલ છે.

> *“ E-o has empowered his concrened that sh. R.C.Mehta could have reported the EO at the begining of the proceedings, that in on 7/11/2002 if may plese be noted that it was very cleaning explained to sh. RC Mehta and sh. Sanjay sharma that the proceedings will be conducted in gujarati/hindi/English, but the proceding will be recorede in English . If any doubt sh. Mehta was at liberty to able for clarification. However EO asked sh. Mehta to explain why at such advances stage report to recoverd the proccdeding in gujarati is being made.”*

ઉપરોકત ઈન્કવારી ઓફીસર ના સવાલ ના જવાબમાં અરજદાર/ડયુલીકવન્ટે ગુજરાતી ભાષામા ઈન્કવાયરી કરવા જણાવેલ અને ત્યાર પછીની ૨૦/૧૧/૨૦૦૨ ના રોજ ઈન્કવાયરી એડજોન કરેલ અને તા.૨૦/૧૧/૨૦૦૨ ના રોજ ઈન્કવાયરી શરુ કરેલ જે ઈન્કવાયરીના પ્રોસીડીંગ આંક–૯૨ થી હાલના કામે રજુ રાખેલ છે, જે પ્રોસીડીગના પાના નં.–૨ માં ઈન્કવાયરી ઓફીસરે નોંધેલ છે કે ગુજરાતી ભાષામાં ઈન્કવાયરી નોંધી શકાય નહી જેથી અરજદાર/ડયુલીકવન્ટ રજુઆતને રદ કરેલ ત્યારબાદ અરજદાર/ડયુલીકવન્ટે સમય માંગેલ જેના જવાબમા સામાવાળા કંપની તરફે પ્રેઝીટીંગ ઓફીસરને સબબ બાબતે પુછતા પ્રેઝીટીંગ ઓફીસરે જણાવેલ

છે કે, અરજદાર/ડયુલીકવન્ટ ને સીમ્પલ અંગ્રેજી આવડે છે અને તેની સાથે સહ કર્મચારી શ્રી ઝાડેને પણ અંગ્રેજી આવડે છે અને ડોકટરના પ્રિક્રીપ્શનને તેઓ વાંચતા હોય તેથી અંગ્રેજી ભાષાના જાણકાર હોય જેથી ઈન્કવાયરી અંગ્રેજીમા ચલાવે તો વાંધો હોઈ શકે નહી. જેના જવાબમાં અરજદાર/ડયુલીકવન્ટે જણાવેલ કે પ્રિક્રી પ્શનને તે મારી રોજીદી કાર્યપધ્ધતિ હોય જેથી વાંધો આવતો નથી પરંતુ આ તેમના વિરૂધ્ધની કાર્યવાહી હોય જેથી ગુજરાતીમાં કરવા જણાવેલ અને તેવો શેરો પણ અરજદાર/ડયુલીકવન્ટે કરેલ તેમજ સાથી કર્મચારીએ પણ અરજદાર/ડયુલીકવન્ટને સમર્થન આપેલ.

હવે, આંક–૯૨ના ઈન્કવાયરીના પ્રોસીડીગમા ઈન્કવાયરી ઓફીસરે રોજકામ મા લખેલ છે કે,

*" EO to record the peroceddings of the inquiry in gujarati EO has expresssed his inability to accept CSESrequest to record the proceeding s and gujarati and continued that it will bw recoreded in english only. Further he also advised to r c mehta to coopreate with the procedure of inquiry and proceed further with the enquiry."*

આમ ઈન્કવાયરી ઓફીસર ગુજરાતી ભાષા થી વાકેફ ન હોય અને ગુજરાતી ભાષા સમજવાની શકિત ન હોય જેથી અરજદાર/ડયુલીકવન્ટ ની ગુજરાતી ભાષા ની રજુઆત ગ્રાહય ન રાખી ઈન્કવાયરી અંગ્રેજીમા શરુ કરેલ.

ત્યારબાદ ક્રમશ: આંક–૯૩ તથા ૯૬ ના પ્રોસીડીગમા પણ ઈન્કવાયરી ની ભાષા બાબતે અરજદાર/ડ્યુલીકવન્ટે વાંધો લીધેલ અને સમજી ન શકવાને કારણે અરજદાર/ડ્યુલીકવન્ટ અને સાથી કર્મચારીએ ઈન્કવાયરી મા કરેલ પ્રોસીડીગમાં સહી કરેલ નહી.

ત્યારબાદ તા.૨૨/૧૧/૨૦૦૨ નારોજ અરજદાર/ડ્યુલીકવન્ટ દવારા હિન્દીમા પત્ર લખેલ અને અંગ્રેજી ભાષા ને કારણે જવાબ આવતી મુદતે આપવાનુ જણાવેલ. આમ સમગ્ર ઈન્કવાયરી જોવામા આવે તો, અરજદાર/ડ્યુલીકવન્ટ ની રજુઆતને અવગણીને અંગ્રેજી ભાષામા ઈન્કવાયરી પ્રોસીડ કરેલછે.

હવે,ઈન્કવાયરી ઓફીસરે કરેલી ઈન્કવાયરી પ્રથમ તો કુદરતી ન્યાયના સિધ્ધાંતને ધ્યાને રાખી કરવાની હોય છે, હવે કુદરતી ન્યાય બાબતે ચર્ચા કરવામા આવે તો ઈન્કવાયરી ઓફીસર ઈન્કવારી ની કાર્યવાહી મા બાયસ વલણ અપનાવી શકે નહી, અને અરજદાર/ડ્યુલીકવન્ટની રજુઆતને ધ્યાને રાખી અને પ્રેઝીટીગ ઓફીસરના કેસને જયુડીશ્યલી નિર્ણય આપવાનો હોય છે. જયારે હાલના કેસમા ઈન્કવાયરી ઓફીસરે કરેલ કાર્યવાહી ધ્યાને લેવામા આવે તો અરજદાર/ડ્યુલીકવન્ટ તથા સાથી કર્મચારીની સતત રજુઆતને અવગણીને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ અંગ્રેજી ભાષામાં સમગ્ર ઈન્કવાયરી પ્રોસીડ કરેલ છે. જે પ્રથમથી જ બાયસ વલણ ગણી શકાય.

વધુમાં, ઈન્કવાયરી ઓફીસરે ગુજરાતીમાં ઈન્કવાયરી આગળ ચલાવવા સક્ષમ ન હોવાનુ ખુદ ઈન્કવાયરી રીપોર્ટમાં લખેલ છે., આમ જયારે ઈન્કવાયરી ઓફીસર ગુજરાતી ભાષા જાણતા ન હોય તો કઈ રીતે અરજદાર/ડયુલીકવન્ટ ની રજુઆત કે આપેલ જવાબને સમજી શકે અને કઈ રીતે તે સમજણ કે જવાબ ને તેજ અર્થમા નોંધી શકે. આમ, ઈન્કવાયરી ઓફીસરે કરેલ ઈન્કવાયરી ગેરકાયદેસર અને વિશુધ્ધ કાર્યવાહી તેમજ કુદરતી ન્યાય ના સિંધ્ધાત ની વિરૂધ્ધ કરેલાનુ સ્પષ્ટપણે જણાઈ આવે છે.

વધુમાં, સ્ટેન્ડીંગ ઓર્ડર ની કલમ –૩૪ ને ધ્યાને લેવામા આવે તો **" કામદાર જે ભાષામા જાણતો હોય તે ભાષા માજ નોટીસ, હુકમો, ચાર્જશીટ, ઈન્ટીમેશન, કમ્યુનીકેશન આપવા જોઈએ"** આમ, ઉપરોકત જોગવાઈ ને ધ્યાને લેવામા આવે તો ઉપરોકત જોગવાઈ નો મુખ્ય ઉદેશ પણ કુદરતી ન્યાય ને ધ્યાને રાખી સમજણ પડે તે ભાષા મા કાર્યપધ્ધતિ કરવાની હોય છે, આમ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ કાર્યવાહી ની ભાષા બાબતે જયારે સ્પસ્ટ નિયમ હોય ત્યારે તે નિયમો ને વિરૂધ્ધ જઈ કાર્યવાહી કરેલ હોય ત્યારે તેવી કાર્ય પધ્ધતિ ને ગેરકાયદેસર ની એટલેકે વિશૃધ્ધ પધ્ધિતિ ની કાર્યવાહી ગણવાની રહે છે. આમ, ઈન્કવારી ઓફીસર ધ્વારા સ્ટેન્ડીંગ ઓર્ડરનો પણ સ્પષ્ટપણે ભંગ કરેલ છે.

વધુમા, કુદરતી ન્યાય ના સિંધ્ધાત બાબતે ચર્ચા કરવામા આવે તો કુદરતી ન્યાય ના સિંધ્ધાત ની વ્યાખ્યા આમ તો સ્પસ્ટ કયાંય કરવામા આવેલ નથી . પંરતુ ઈગ્લીસ લો મા મુખ્ય બે બાબતો નો સમાવેશ થાય છે.

(i) ***Nemo debet esse judex in propria causa***

i.e No man shall be a judge in his own cause, or a suitor or the deciding authority must be impartial and without bias and

**(ii)** ***Audi alteram Partem***

i.e. hear the other side, or no one can be condemned unheard.

ત્યારબાદ, વખતોવખત સમય દરમીયાન કુદરતી ન્યાય ના સિંધ્ધાત મા ત્રીજી અને ચોથી બાબતો નો પણ સમાવેશ થાય છે એટલેકે ..

**(iii)** ***Final orders must be speaking orders*** **(Reasoned orders).**

**(iv)** ***Justice should not only be done but manifestly appear to have been done***

જયારે, નામદાર જસ્ટીસ કે.એસ.હેગડે સાહેબ ના ઓ એ કુદરતી ન્યાય ના સિંધ્ધાત બાબતે ***A K Kraipak Vs Union of India[(1969) 2 SCC 262]*** ના ચુકાદા મા સ્પસ્ટતા કરેલ છેકે...

> (1) *The rules of natural justice operate in areas not covered by any law validly made, that is, they do not supplant the law of the land but supplement it. They are not embodied rules and their aim is to secure justice or to prevent miscarriage of justice. If that is their purpose, there is no reason why they should not be made applicable to administrative proceeding also, ….*
>
> (2) *The concept of natural justice has undergone a great deal of change*

*in recent years. What particular rule of natural justice should apply to a given case must depend to a great extent on the facts and circumstances of that case, the framework of the law under which the enquiry is held and the constitution of the Tribunal or the body of persons appointed for that purpose. Whenever a complaint is made before a court that some principle of natural justice had been contravened, the court has to decide whether the observance of that rule was necessary for a just decision on the facts of that case. The rule that enquiries must be held in good faith and without bias, and not arbitrarily or unreasonably, is now included among the principles of natural justice.*

તેમજ વિલ્યમ શેકસપીયરે “હેલ્મેટ” પુસ્તકમા એક પિતા એ પુત્ર ને કહેલ છેકે…

***This above all: to thine***

***own self be true,***

***And it must follow, as the***

***night the day,***

***Thou canst not then be***

***false to any man.***

જેથી ઉપરોકત મુદા ના કારણો મા ચર્ચા કરી તે મુજબ કોઈ પણ ઈન્સાફી કાર્યવાહી પવિત્રત્રા થી, વગર કોઈ રાગદ્વેષ અને ફકત અને ફકત મેરીટસ ને આધારે જ હોવી જોઈએ અને સાથે સાથે ડીટેઈલ કારણો સહીત ની હોવી જોઈઅ તેમજ પુરતી તક પણ આપવી એટલીજ અનિવાર્ય છે. પંરતુ જે ઉપરોકત ઈન્કવારી મા સ્પસ્ટપણે તે તમામ બાબતો નો અભાવ જણાઈ આવે છે જેથી કુદરતી ન્યાય ના સિંઘ્ધાત ની વિરૂઘ્ધ ની ઈન્કવારી ઓફીસરે કાર્યવાહી કરેલાનુ સ્પસ્ટપણે રેકર્ડ પર થી ફલીત થાય છે.

**(૧૦.૨)** વધુમાં, ઈન્કવાયરી ઓફીસરે કરેલ ઈન્કવાયરી સંશિપ્તમાં જોવામા આવે તો , પ્રેઝેટીંગ ઓફીસરને પ્રશ્ન સ્વરૂપમા પુછવામા આવેલ જેનો મુદ્દા સર અરજદાર/ડયુલીકવન્ટ નો જવાબ લેવામા આવેલ, આમ સમગ્ર કાર્યવાહીમાં પ્રેઝેટીગ ઓફીસરે મુકેલ રજુઆતની ઉલટ તપાસ કરવાનો મોકો અરજદાર/ડયુલીકવન્ટ આપવામા આવેલ નથી. પરંતુ ફકત સવાલ જવાબ ફોર્મમાં સમગ્ર ઈન્કવાયરી પુર્ણ કરી દીધેલ છે. જેથી પણ કુદરતી ન્યાયના સિઘ્ધાંતનો સ્પષ્ટપણે ભંગ જણાઈ આવે છે. કારણકે ડોમેસ્ટીક ઈન્કવાયરીનો મુખ્ય ઉદેશ ઘ્યાને લેવામા આવે તો અરજદાર/ડયુલીકવન્ટ ઉપર મુકવામા આવેલ **ચાર્જ ને ખંડન કરવાની તક** અરજદાર/ડયુલીકવન્ટ ને ચોકકસ પણે આપવી જ રહે છે. પરંતુ હાલના કેસમા કયાંય પણ અરજદાર/ડયુલીકવન્ટ ને ઉલટ તપાસની તક આપેલ

તેવુ ઈન્કવારી ના એકપણ દસ્તાવેજો થી ફલીત થતુ નથી. જેથી કરેલ ઈન્કવાયરી ફેર અને કાયદેસર ગણી શકાય નહી .

(૧૦.૩) વધુમાં, સામાવાળા તરફે અરજદાર ને ઈન્કવારી ની જાણ કરવા છંતા ઈન્કવારી મા હાજર થયેલ ન હોય જેથી ગેરહાજરી મા ઈન્કવારી એકસપાર્ટી ચલાવી દીધેલ અને એકસપાર્ટી ઈન્કવારી ને યોગ્ય ઠરાવવા બાબતે દલીલો રજુ કરેલ અને દલીલો ના સમર્થન મા જુદા જુદા ચુકાદાઓ રજુ રાખેલ છે, અને અરજદાર ગેરહાજર હોવાને કારણે જ એકસપાર્ટી ઈન્કવારી કરી શકે તેવી રજુઆત કરેલ છે. હવે, સામાન્ય રીતે ગેરહાજરીમાં એકસ પાર્ટી ઈન્કવાયરી ચલાવેલ હોય તો તે તેમાં અરજદાર/ડયુલીકવન્ટ ને નોટીસ બજેલ હોય અને ગેરહાજર રહે તો એકસપાર્ટી ઈન્કવાયરી જસ્ટીફાય કરી પણ શકાય. તેવી રજુઆત કરેલ છે અને તેના સમર્થન મા ચુકાદાઓ રજુ રાખેલ છે. હવે, તમામે તમામ ચુકાદાઓ વંચાણે લીધા. જે તમામ ચુકાદા મા અરજદાર/ડયુલીકવન્ટ ઈન્કવારી ની કાર્યવાહી મા યોગ્ય રીતે નોટીસ ની બજવણી બાદ ગેરહાજર રહેલ જેથી અરજદાર/ડયુલીકવન્ટ સામે એકસપાર્ટી કાર્યવાહી ને યોગ્ય ઠરાવેલ છે., પરંતુ સબબ ઈન્કવાયરીના કામે પહેલેથી જ અરજદાર/ડયુલીકવન્ટ ગેરહાજર રહેલ હોય અને તેની વિરૂઘ્ધમાં ઈન્કવાયરી ચાલેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. પરંતુ અરજદાર/ડયુલીકવન્ટ ને ઈન્કવાયરી ઓફીસરે કરેલ કાર્યવાહીની સમજણ ન પડતી હોવાને કારણે અરજદાર/ડયુલીકવન્ટે રજુઆતો કરવા છતા ગુજરાતી ભાષામા કાર્યવાહી કરવાને બદલે અંગ્રેજી ભાષામા કાર્યવાહી

થવાને કારણે ગેરહાજર રહેલ હોય ત્યારે ખરી હકીકતે ઈન્કવાયરી ઓફીસરે ઈન્કવાયરી એકસપાર્ટી ચલાવી ને પુર્ણ કરવી જોઈએ નહી. પં રતુ સામાવાળી સંસ્થાએ ગુજરાતી ભાષાના જાણકાર કોઈ ઓફીસરને ઈન્કવાયરી કરવા આપવી જોઈએ અને ત્યારેજ કુદરતી ન્યાય ના સિંધ્ધાત નુ પાલન થયેલા નુ માની શકાય. પરંતુ તેવી કોઈ તસદી સામાવાળી સંસ્થાએ કે ઈન્કવાયરી ઓફીસરે લીધેલ નથી કે કરેલ નથી. તેમજ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ જયારે કુદરતી ન્યાયના સિધ્ધાત વિરૂધ્ધ કોઈપણ કાર્યવાહી કરવામા આવે તો કરેલ કાર્યવાહી એબ ઈનીશયો વોઈડ– ઈન ટોટો ગણવીજ રહે છે.

**(૧૦.૪)** વધુમાં, સ્ટેન્ડીંગ ઓર્ડરના પેરા–૨૮/૭ ના ઘ્યાનમા લેવામા આવે તો જયારે કોઈ ડયુલીકવન્ટ સામે કાર્યવાહી કરવાની હોય અને તે કાર્યવાહી થી ડયુલીકવન્ટ અગળા રહેવાનુ જણાઈ આવતુ હોય ત્યારે અરજદાર/ડયુલીકવન્ટ વિરૂધ્ધની કોઈપણ આગળ ની કાર્યવાહી બે સાક્ષીની હાજરીમાં જાણ કરવાની હોય છે તેવો સ્પષ્ટ જોગવાઈ છે અને આવી જોગવાઈ ને આધીન કે અનુલક્ષી ને ઈન્કવારી ઓફીસરે ઈન્કવારી ની કાર્યવાહી કરવાની હોય છે. પંરતુ હાલના કેસમા ઘ્યાને લેવામા આવે તો ઈન્કવાયરી ઓફીસર દવારા ઈન્કવાયરી મા અરજદાર/ડયુલીકવન્ટ ગેરહાજર રહે ત્યારે તેના વિરૂધ્ધની કોઈપણ કાર્યવાહી ચલાવવામા આવશે તેવુ તારણ બે સાક્ષીની રૂબરૂમાં અરજદાર/ડયુલીકવન્ટ ને જાણ કરેલ હોય અને ત્યારબાદ

ડોમેસ્ટીક ઈન્વાયરીને એકસ પાર્ટી ચલાવેલ હોય તેવુ રેકર્ડ પરથી ફલીત થતુ નથી એટલે કે સ્ટેન્ડીગ ઓર્ડરના વિરૂધ્ધમાં જઈ બે સાક્ષીની હાજરીમાં અરજદાર/ડયુલીકવન્ટ ને એકસ પાર્ટી ઈન્કવાયરી ચલાવવામા આવશે તેવી કોઈ જાણ કરેલ ન હોય ત્યારે કુદરતી ન્યાયના સિધ્ધાંતની વિરૂધ્ધની કાર્યપધ્ધતિ ગણાય.

(૧૦.૫) વધુમાં, ડોમેસ્ટીક ઈન્કવાયરીના પ્રાથમીક મુદા બાબતે ચર્ચા કરવામા આવેતો , અરજદાર/ડયુલીકવન્ટ ઉપર ચાર્જ સાચા છે કે ખોટા તેનુ અવલોકન કરવાનુ હોતુ નથી. પરંતુ અરજદાર/ડયુલીકવન્ટ સામે કરવામા આવેલ ઈન્કવાયરીની પધ્ધતિ યોગ્ય અને કાયદેસર છે તેટલુ જ પ્રાથમીક મુદા મા જોવાનુ રહે છે, તેમજ તહોમતના ચાર્જ બાબતે કોઈ અવલોકન કરવાની જરૂરીયાત પણ રહેતી નથી.

આમ, ઉપરોકત તમામ કારણોસર ઈન્કવારી ઓફીસરે કરેલ કાર્યવાહી કુદરતી ન્યાય ના સિંધ્ધાત ને આધારે કરેલ હોય તેવુ પ્રસ્થાપિત થતુ નથી. આમ તપાસણી અધીકારી એ કરેલ સમગ્ર તપાસ દુષિત છે અને ગેરકાનુની અને કુદરતી ન્યાય ના સિંધ્ધાત ના વિરૂધ્ધ ની તપાસ છે કારણ કે ઈન્કવારી અધીકારી નો રોલ જયુડીશીયલ હોવો જોઈએ જયારે હાલના કેસ મા કરેલ કાર્યવાહી બદઈરાદા સાથે તક આપ્પા વિના રજુઆત અધીકારી ના રીપોર્ટ ના શબ્દો સહ ના આધીન તારણો સાથે કરેલ હોય જે અયોગ્ય અને ગેરકાયદેસર તપાસ હોવાનુ મારુ

માનવુ છે.,જેથી મુદા નંબર ૧ ને નકાર મા ઠરાવામા આવે છે. અને મુદા નં બર ૨ ને અનુલક્ષી ને નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

**-: હુકમ:-**

**(૧) આ કામના સંલગ્ન કામદાર શ્રી રાજેશકુમાર ચંદુલાલ મહેતા વિરૂધ્ધ હાલના રેફરેન્સ કેસની હકીકતે સામેવાળી સંસ્થા ધ્વારા કરવામા આવેલી ખાતાકીય તપાસ કુદરતી ન્યાય સિંધ્ધાત ની વિરૂધ્ધનુ, તેમજ અયોગ્ય અને ગેરકાયદેસર હોવાનુ ઠરાવવામા આવે છે.**

**(૨)** મુદા નંબર ૧ મા ચર્ચા કરી તે મુજબ જયારે અરજદાર સામે કરવામ આવેલ ખાતાકીય તપાસ ગેરકાનુની ઠરતી હોય ત્યારે અરજદાર પુન:સ્થાપન કરવા હકકદાર ઠરે છે પંરતુ બેકવેજીસ બાબતે બન્ને પક્ષકારો ને સાંભળવા જરૂરી હોય ત્યારે બેક વેજીસ બાબતે કેસ આગળ ચલાવાવાનો હુકમ કરવામા આવે છે.

**(૩) તેમજ ખર્ચ અંગે કોઈ હુકમ કરવામા આવતો નથી.**

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(જે.જે.આહુજા)**
લેબર જજ
મજુર અદાલત, અમરેલી.
જજ કોડ નં.જીજે ૦૧૪૩૬.

તા.૨૬/૦૪/૨૦૨૪